# વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બં.અ.કૃ.મ., આ.કૃ.યુ., આણંદ દ્વારા અખિલ ભારતીય સંકલિત બીજ યોજના (આદિજાતિ પેટા યોજના) અંતર્ગત તા. ૧૬-૦૧-૨૦૨૫ના રોજ કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઇ

---

વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બં.અ.કૃ.મ., આ.કૃ.યુ., આણંદ દ્વારા **અખિલ ભારતીય સંકલિત બીજ યોજના (આદિજાતિ પેટા યોજના)** અંતર્ગત તા. ૧૬-૦૧-૨૦૨૫ના રોજ કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ ખાતે "બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ" વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગની શરૂઆત દિપ પ્રાગટ્ય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ. એ. એસ. ભાણવડીયા, નોડલ ઓફિસર(બીજ) અને યુનિટ હેડ, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ દ્વારા મકાઈ અને મગફળીની સુધારેલી જાતો તેમજ ખેતી પધ્ધતિ, ડૉ. એન. એમ. ગોહેલ, સહ પ્રાધ્યાપક, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા બીજજન્ય ફૂગ અને તેનાથી થતું નુકશાન અને બીજ માવજત, ડૉ. ડી. બી. સીસોદીયા, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા સંગ્રહીત અનાજ/ બીજમાં આવતી જીવાતો અને તેનું વ્યવસ્થાપન, ડૉ. પૂજા પાંડે, મદદનીશ પ્રાધ્યાપક, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા જૈવિક નિયંત્રકો દ્વારા પાક રોગ વ્યવસ્થાપન, ડૉ. વી. બી. મોર દ્વારા ખેતી પાકોમાં પિયત વ્યવસ્થાપન અને શ્રી એ. પી. સાવલિયા, ખેતીવાડી અધિકારી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા પ્રાયોગિક: જૈવિક ફૂગ ટ્રાઈકોડર્માનું સંવર્ધન કરવાની પધ્ધતિઓ અને નિદર્શન જેવા જુદા જુદા વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ તાલીમમાં માનવંત, જેતપુર પાવી, છોટા ઉદેપુર, રંગપુર, સખન્દ્ર, સુસ્કલ, મોટી સંધ્લી, રેનંદા, કોહીવાવ, કવાટ અને ભીન્ડોળ જી.: વડોદરાના કુલ ૪૫ જેટલા ખેડૂતભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.


અખિલ ભારતીય સંકલિત બીજ યોજના
એક દિવસીય આદિવાસી ખેડૂત તાલીમ








AAU
Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur
અખિલ ભારતીય સંકલિત બીજ યોજના
એક દિવસીય આદિવાસી ખેડૂત તાલીમ